બીએસએફ ચોકીઓ ઉપર પાકનો ફરી ગોળીબાર

જમ્મુ,તા. ૧

પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર સતત ગોળીબાર જારી રાખ્યો છે. જેથી તંગદીલી હળવી થઈ રહી નથી. સરહદ ઉપર ફરી વિસ્ફોટક સ્થિતિ ઉભી થઈ છે. કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે કહ્યું છે કે,પાકિસ્તાને યુદ્ધવિરામના ભંગને ટાળવા જોઈએ. ચાર પાકિસ્તાની રેંજર્સના મોત બાદ પણ પાકિસ્તાને યુદ્ધ વિરામનો ભંગ જારી રાખ્યો છે. આજે સવારે છ વાગ્યા સુધી બન્ને પક્ષો તરફથી ગોળીબાર જારી રહ્યો હતો. નવા વર્ષના એક દિવસ પહેલા મોડી રાત્રે જમ્મુ કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાની જવાનોએ પીએસએફની ૧૫ ચોકીઓ પર ગોળીબાર કર્યો હતો. સાંબા અને હરિનગર સેક્ટરમાં પાકિસ્તાની સૈનિકો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. છેલ્લા ૩૬ કલાકમાં પાકિસ્તાન તરફથી ત્રીજી વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો છે. બીજી બાજુ પાકિસ્તાને બુધવારે ઈન્ડિયન ડેપ્યુટી હાઈ કમીશનરને બોલાવીને ભારત દ્વારા કરવામાં આવેલા હુમલામાં કેટલાક પાકિસ્તાની જવાનોના મોત મામલે નારાજગી વ્યક્ત કરી હતી. ડેપ્યુટી હાઈ કમીશનર જેપી સિંહને ઈસ્લામાબાદમાં વિદેશ ઓફિસ પર બોલાવવામાં આવ્યા હતા. પાકિસ્તાને સાતમી વખત ગોળીબાર કરાયો છે જ્યારે ૩૬ કલાકમાં ત્રીજી વખત ગોળીબાર કર્યો છે.

ગઈકાલે પણ પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ જિલ્લાના પલ્લાનવાલામાં એલઓસી ઉપર ગોળીબાર કર્યો હતો. જેમાં અમરજીતસિંહને ઈજા થઈ હતી. રવિવારે પણ પાકિસ્તાને ગોળીબાર કર્યો હતો. ૨૫મી ડિસેમ્બરે પણ ગોળીબાર કરાયો હતો. પાકિસ્તાને બિનઉશ્કેરણીજનક રીતે છેલ્લા ૧ સપ્તાહમાં છ વખત ગોળીબાર કર્યો છે. જેના કારણે સરહદ ઉપર સતત તંગદીલી રહી છે. બીએસએફના જવાનોએ જોરદાર જવાબી કાર્યવાહી કરી છે. હાલમાં જ રાજ્યસભામાં માહિતી આપવામાં આવી હતી કે,

પાકિસ્તાની સૈનિકોએ અંકુશ રેખા ઉપર સતત ગોળીબાર જારી રાખ્યો છે. હાલમાં જ સંસદમાં માહિતી આપવામાં આવી હતી કે, વર્ષ ૨૦૧૪માં પાકિસ્તાન દ્વારા ૫૫૦ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે. આંતરરાષ્ટ્રીય સરહદ પર ૪૦૫ વખત યુદ્ધ વિરામનો ભંગ થયો છે જે પૈકી જમ્મુ સેક્ટરમાં ૩૪૪ વખત યુદ્ધ વિરામનો ભંગ કરાયો છે પકિસ્તાનના ગોળીબાર સામે વારંવાર વાંધો ઉઠાવવામાં આવ્યો છે. પાકિસ્તાની રેંજર્સને આ ગોળીબારમાં ભારે નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક લોકોમાં પણ દહેશત ફેલાઈ ગઈ છે. કેટલાક લોકો સરહદી વિસ્તારમાંથી ખસી પણ ગયા છે. દરમિયાન જમ્મુમાં પત્રકારો સાથે વાતચીત કરતા બીએસએફના રાકેશ શર્માએ કહ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી રહ્યો છે. બીએસએફના જનરલ ડિરેક્ટરે રાજનાથસિંહ સાથે પણ વાતચીત કરી છે.

લખવી ૧૪ દિવસ માટે કસ્ટડીમાં

ઈસ્લામાબાદ, તા.૧

૨૬ નવેમ્બર ૨૦૦૮ના દિવસે મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ ઝકી ઉર રહેમાન લખવીને જામીન આપવાના નિર્ણય સામે પાકિસ્તાન સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. હાલમાં લખવી બીજા ગુનાના આરોપસર જેલમાં છે.

નોંધનીય છે કે મુંબઈ આતંકી હુમલાના ષડયંત્રકારી અને લશ્કર એ તોઈબાના કમાન્ડર જકી ઉર રહેમાન લખવીને પાકિસ્તાનની એક અદાલતે જામીન આપ્યા બાદ ભારત તરફથી પાકિસ્તાન ઉપર ભારે દબાણ લાવવામાં આવ્યું હતું. લખવીને જામીન આપવાના ફેંસલાની ભારતે ઉગ્ર ભાષામાં ટીકા કરી હતી. જેના પગલે અનુસાર ૨૬/૧૧ના

હુમલાના આરોપીને પાકિસ્તાનની જેલમાં જ રાખવામાં આવ્યો હતો. પાકિસ્તાન સરકારે આદેશ આપ્યો હતો કે લખવીને વધુ ત્રણ મહિના જેલમાં રહેવું પડશે.

આ સમયે પાકિસ્તાનની મુખ્ય તપાસ એજન્સીએ કહ્યું હતું કે લખવી વિરૂધ્ધ નકકર પુરાવાઓ છે. કોઈ ટેકનીકલ ભુલના કારણે તેને જામીન મળ્યા છે. પાકિસ્તાન સરકાર જામીનનો વિરોધ કરશે. ૫૪ વર્ષીય લખવીને રાવલપિંડીની જેલમાં ૧૪ દિવસ માટે જયુડીશયલ કસ્ટડીમાં રાખવામાં આવનાર છે.

કેરળ : કાર-ટેંકર ટકરાતા છ વિદ્યાર્થીના કરૂણ મોત

કોલ્લામ,તા. ૧

કેરળના કોલ્લામમાં કાર અને એલપીજી ટેંકર ધડાકા સાથે ટકરાતા ભીષણ આગ ફાટી નિકળી હતી જેના કારણે એન્જિનિયરિંગના છ વિદ્યાર્થીઓના મોત થયા છે. આ છ વિદ્યાર્થીઓના ઘટના સ્થળે જ મોત થયા છે. પોલીસના જણાવ્યા મુજબ, ભોગ બનેલા તમામ વિદ્યાર્થીઓ બીટેકના ત્રીજા વર્ષના વિદ્યાર્થી છે. નવા વર્ષની ઉજવણી કરવા માટે તેઓ બીચ રિસોર્ટ વરકાલા ગયા હતા. પરત ફરતી વેળા આ અકસ્માત સર્જાયો હતો. તમામ છ લોકોના ઘટના સ્થળે જ મોત થતાં ખળભળાટ મચી ગયો હતો. પ્રાઈવેટ એન્જિનિયરિંગ કોલેજના આ વિદ્યાર્થીઓ હતા. તમામના મૃતદેહને હોસ્પિટલમાં ખસેડાયા છે. તમામ વિદ્યાર્થીઓની ઓળખ પણ કરી લેવામાં આવી છે. આ વિદ્યાર્થીઓ અજીત પ્રકાશ, સૈયદ ઈજ્જમામ, અરુણ બાબુ, સિજો જ્યોર્જ, અદીરશાહ અને નિક્સોનનો સમાવેશ થાય છે.

રોબર્ટ વાઢેરાની કંપની સ્કાઈ લાઈટને હવે નોટિસ અપાઈ

નવી દિલ્હી,તા. ૧

આવકવેરા વિભાગે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાની કંપની સ્કાઈલાઈટને નોટિસ ફટકારી છે. અહેવાલમાં જણાવાયું છે કે, આવકવેરા વિભાગે તેની નાણાંકીય અને જમીન સૌદાબાજીની વિગતની માંગ કરીને કંપનીને ૨૨ પ્રશ્નોનો એક સેટ મોકલી દેવામાં આવ્યો છે. ભાજપે આ હિલચાલને વહીવટી પ્રક્રિયા તરીકે ગણાવી છે. જ્યારે કોંગ્રેસે કહ્યું છે કે રાજકીય દ્વેષભાવ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે. પ્રાથમિક નોટિસ ફટકારીને લેવડ દેવડની વિગતો માંગવામાં આવી છે. એક સપ્તાહ અગાઉ આ નોટિસ મોકલવામાં



આવી હતી. ડીએલએફ સાથે થયેલી સૌદાબાજીના સંદર્ભમાં આ નોટિસ મોકલવામાં આવી છે. બે સપ્તાહમાંજવાબ આપવા માટે કહેવાયું છે. કંપનીને જમીન સૌદાબાજીની કામગીરી પરિપૂર્ણ કરવા કહેવામાં આવ્યું છે. આ અંગે પ્રતિક્રિયા આપતા ભાજપે કહ્યું છે કે, આ એક વહિવટી અને કાયદાકીય પ્રક્રિયા છે જે તમામ કેસોમાં હાથ ધરવામાં આવે છે. આને લઈ કોઈપણ રાજનીતિ નથી. ભાજપના પ્રવક્તા એન રાવે માહિતી આપતા કહ્યું છે કે, કોઈપણ શંકાસ્પદ લેવડ દેવડની વિગત મેળવવાનું કામ ટેક્સ સત્તાવાળાઓનું છે આમાં કોઈ રાજનીતિ હોતી નથી.

રોબર્ટ વાઢેરાએ કરોડો રૂપિયા એવી જગ્યાએ રોક્યા છે જેને લઈ શંકા છે. રોબર્ટ વાઢેરાને હવે તેમની સ્થિતિ સ્પષ્ટ કરવાની તક રહેલી છે. બીજીબાજુ કોંગ્રેસે આ કાર્યવાહીને રાજકીય રીતે પ્રેરીત ગણાવી છે અને કહ્યું છે કે, ભાજપે યોજનાપૂર્વક આ કૃત્ય કર્યું છે. કોંગ્રેસના નેતા મનીષ તિવારીએ કહ્યું છે કે રાજકીય વિરોધીઓને ભીંસમાં લેવા માટે સ્ટેટ ટુલ્સનો ઉપયોગ કરાઈ રહ્યો છે. મીડિયા દ્વારા પણ બિનજરૂરી પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

મમતા બેનર્જી પણ આખરે ટ્વીટરમાં સામેલ : રિપોર્ટ

કર્ણાટક,તા. ૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના સ્થાપક ચેરમેન મમતા બેનર્જી હવે ટ્વીટરમાં સામેલ થઈ ગઈ છે. મમતા નવા વર્ષની શુભકામનાઓની સાથે ટ્વીટરમાં સામેલ થઈ ગઈ છે. ટ્વીટ કરીને મમતાએ તમામ લોકોને શુભેચ્છા પાઠવી છે અને કહ્યું છે કે તેઓ પણ હવે નવી શરૂઆત કરી રહ્યા છે. હજુ સુધી એકાઉન્ટની ચકાસણી બાકી રહી છે. ટ્વીટર હેન્ડલમાં મમતા ઓફિસીયલને તૃણમૂલ કોંગ્રેસના ઓફિસીયલ ટ્વીટર એકાઉન્ટથી પોસ્ટ કરવામાં આવ્યું છે કે મમતા હવે ટ્વીટરમાં આવી ગયા છે. વિકાસ માટે કામ કરવાની કટિબદ્ધતા પણ મમતાએ દર્શાવી છે. તમામને સહકાર આપવાની અપીલ કરવામાં આવી છે. મમતા બેનર્જીના ટ્વીટર પર સામેલ થયા બાદ ૨૩૮૯ ફોલોઅર્સ થઈ ગયા છે. હજુ સુધી ત્રણ લોકોને મમતા ફોલો કરી રહ્યા હતા.

છત્તીસગઢ : ૪૪ નક્સલીની હથિયારો સાથે ધરપકડ થઈ

રાંચી,તા. ૧

છત્તીસગઢના માઓવાદી ગ્રસ્ત બીજાપુર જિલ્લામાં જુદા-જુદા સ્થળોથી ૪૪ નક્સલીઓની હથિયારો સાથે ધરપકડ કરી લેવામાં આવી છે. હાલમાં જ નક્સલવાદીઓ દ્વારા હુમલો કરીને અનેક લોકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ નક્સલીઓ સામે લાલઆંખ કરવામાં આવી છે. મોટુ કોમ્બિંગ ઓપરેશન હાથ ધરીને ૪૪ નક્સલીઓની ધરપકડ કરવામાં આવી છે. જે નક્સલીઓની ધરપકડ કરવામાં આવી છે તે નક્સલવાદીઓ સામે મોટાપાયે કેસ રહેલા છે. આ ઉપરાંત તેમની સામે વોરંટ પણ પેન્ડીગ રહેલા છે. લૂંટ, હત્યા, આગ, સુરક્ષાદળો પર હુમલા, બોંબ બ્લાસ્ટ કરવા, સરકારી સંપત્તિને નુકશાન પહોંચાડવા સહિતના માઓવાદી સંબંધિત ગુનાઓમાં તેમની સંડોવણી રહેલી છે.

બીજાપુરના એસપી કેએલ ધ્રુવે

માહિતી આપતા કહ્યું છે કે, જે લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમના ઉપર મોટી ઈનામી રકમ પણ રાખવામાં આવી હતી. કેટલાક નક્સલી બનાવમાં તેમની સંડોવણી સામે ધરપકડ વોરંટ પણ જારી કરવામાં આવ્યા હતા. આની સમીક્ષા કરવામાં આવ્યા બાદ કોમ્બિંગ ઓપરેશન હાથ ધરાયું હતું. માઓવાદીઓ અને નક્સલીઓ અંગે બાતમી મળ્યા બાદ પોલીસ ટીમોએ જુદી જુદી ટીમ રવાના કરીને તેમની ધરપકડ કરી છે. રાયપુરથી ૪૦૦ કિલોમીટરના અંતરે સ્થિત હિંસાગ્રસ્ત વિસ્તારોમાંથી તેમની ધરપકડ કરાઈ છે. મંગળવારના દિવસે ૩૭ અને બુધવારના દિવસેબીજા ૭ નક્સલીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ કેડરના સ્થળ અંગે બાતમી મળ્યાબાદ હજુ પણ વધુ તપાસ ચાલી રહી છે. ઝડપાયેલાઓમાં ૩૦ વર્ષીય હેમલા લેખુ અને ૨૬ વર્ષીય રાજુની પણ ધરપકડ કરવામાં આવી છે. જેઆ વર્ષે લોકસભાની ચુંટણી દરમિયાન સુરક્ષાદળો પર કરવામાં આવેલા હુમલામાં સામેલ હતા.

ચીનમાં નવા વર્ષના જશ્નમાં ભાગદોડ મચતા ૪૦નાં મોત

શંઘાઈ,તા. ૧

ચીનમાં નવા વર્ષની ઉજવણી કરવા માટે એકત્રિત થયેલા લોકોમાં એકાએક ભાગદોડ મચી જતા ઓછામાં ઓછા ૪૦ લોકોના મોત થયા છે અને ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ચીનના સરકારી મિડિયાના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આ ભાગદોડની ઘટના શંઘાઈના ચેન્ચી સ્કેવયર ખાતે થઈ હતી. શંઘાઈ સિટી સરકારના જણાવ્યા મુજબ જશ્ન મનાવવા માટે એકત્રિત થયેલા લોકોની સંખ્યા ખુબ વધારે હતી. સ્થાનિક સમય મુજબ ૧૧-૩૫ વાગે સ્થિતી વણસી જતા આ બનાવ બન્યો હતો. ભાગદોડ કેમ થઈ તે અંગે કોઈ માહિતી મળી શકી નથી. ભાગદોડમાં ઘાયલ થયેલા લોકોને તરત જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબે કેટલાક પ્રવાસી પહેલા પાણીમાં પડી ગયા હતા. ત્યારબાદ પોલીસે આ જગ્યા છોડી દેવા તમામ લોકોને અપીલ કરી હતી. પરંતુ આ જ વેળા ભાગદોડ મચી ગઈ હતી. ભાગદોડની ઘટના બાદ નવા વર્ષની ઉજવણી પહેલા આઘાતનુ મોજુ ફરી વળ્યું હતુ.

ચીનના ઐતિહાસિક શંઘાઈને મોટા શહેર તરીકે ગણવામાં આવે છે. જો કે અહીં રસ્તાઓ ખુબ સાંકડા છે. જુની ઈમારતો ઓવેલી છ. પ્રવાસી આકર્ષણ અહીં વધારે જોવા મળે છે. શંઘાઈ શહેરની વસ્તી અંગે ચીનના એક અખબારે માહિતી આપતા કહ્યું હતું કે આ શહેરની વસ્તી વર્ષ ૨૦૧૩ના અંતે ૨૪ મિલિયન ડોલર કરતા વધારે હતી. હેવે આની વસ્તી પહેલા કરતા વધારે હશે. ગઈકાલની ઘટના બાદ ઉજવમી કરવાના બદલે દુખી લોકો વધારે દેખાયા હતા.

સમાચાર ઝલક

- અમદાવાદમાં ઉત્તરાયણમાં પતંગ ચગાવવા માટે ધાબા ભાડે મળશે.
- વિશ્વની સૌથી ઊંચી ઈમારત સુરતમાં આકાર લેશે.
- પ્રજાસત્તાક દિને નવી દિલ્હીમાં ડાંગી કલાકારો લોકનૃત્ય પ્રસ્તુત કરશે.
- અમદાવાદમાં શાળાના સંચાલક સભ્યોની હેરાનગતિથી ઉર્દૂ સ્કુલના મહિલા આચાર્યનો આપઘાતનો પ્રયત્ન.
- ખેડૂતોને નુકશાનથી બચાવવા કઠોળની નિકાસ પરનો પ્રતિબંધ હટાવાશે.
- પશ્ચિમ રેલ્વેનું વડુમથક ગુજરાતમાં ખસેડવાની માંગણી ફગાવાઈ.
- ગુજરાતમાં જૈન સાધુ-સાધ્વીઓના શેષ વિહાર માટે પગદંડી બનાવવા ઉગ્ર રજુઆત.
- પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં સુનીતા વિલિયમ્સ ગાંધીનગર આવશે.
- વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ૧૦મીએ રાજકોટમાં વિરાટ હિન્દુ સંમેલન.
- હેડનના વોલમાર્ટમાં ખરીદી કરતી વખતે બે વર્ષના બાળકે પોતાની માતા પર ગોળી છોડતાં હત્યા થઈ ગઈ.
- પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર અને તહરીકએ ઈન્સાફ પાર્ટીના નેતા ઈમરાનખાને ટીવી એન્કર સાથે લગ્ન કર્યા.
- ગ્રીસમાં રાજનિતિક સંકટ તોળાઈ રહ્યું છે.
- માઈક્રોસોફ્ટ ઈન્ટરનેટ એક્સપ્લોર બંધ કરશે.
- ચીનમાં વાઘને મારીને ખાઈ જવા બદલ ૧૩ વર્ષની જેલ મળી.
- વિશ્વમાં ક્રુડમાં વર્ષાને મંદી, ભાવ સાડા પાંચ વર્ષના તળીયે.
- ઈરાકી દળોએ ૩૦૦ આતંકીનો સફાયો કર્યો.
- ભારતીય રિઝર્વ બેંક ભારતની નાણાંકીય પ્રણાલી સામે નારાજગી.
- ભારતમાં હવે આર્થિક વિવાદનો અંત આવશે.
- બીપીએલ કુંટુંબોને આઠસોમાં નવું ગેસ જોડાણ મળશે.
- ભારતમાં એન.આર.આઈનું રોકાણ અંકુશ મુક્ત થશે.
- મુંબઈમાં તબેલામાંથી ૬૦ ભેંસોની ચોરી થઈ.
- પેટ્રોલ ડિઝલના ભાવમાં ઘટાડો થશે. નવા વર્ષની ભેટ.
- દિલ્હીમાં ગેસ લીકેજના કારણે પતિ-પત્નીને બાળકોનું ગુંગળામણથી મોત.

વેલકમ ૨૦૧૫ : વિશ્વભરમાં ઉજવણી

નવી દિલ્હી, તા.૧

ઉજવળ ભવિષ્યની નવી આશા સાથે વર્ષ ૨૦૧૫ના આગમનનુંસમગ્ર વિશ્વમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે. ભારત સહિત સમગ્ર વિશ્વના લોકો

૨૦૧૫ના આગમન પર જશ્નમાં ડુબી ગયા હતા. લાખો લોકોએ સિડનીમાં જાહેરમાં ઉજવણી કરી હતી. સાત ટન ફટાકડાની આતશબાજી હાર્બર બ્રીજ અને તેની આસપાસની બોટ્સ ઉપર કરવામાં આવી હતી. ૭૦ લાખ ડૉલરનો ધુમાડો આ કાર્યક્રમો ઉપર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. રાત્રે ૧૨ના ટકોરે જ ભવ્ય આતશબાજી થઈ હતી. ઓસ્ટ્રેલિયાના સિડનીમાં આતશબાજીનો અદ્‌ભુત નજારો જોવા મળ્યો હતો. ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડ શહેરમાં પણ જોરશોરથી નવા વર્ષને વધાવી લેવામાં આવ્યું હતું. દુબઈ, હોંગકોંગ, સિંગાપુર, ચીન અને જાપાન જેવા દેશોમાં નવા વર્ષની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભારતમાં બોલિવૂડના કલાકારોએ પણ શાનદાર રીતે ઉજવણી કરી હતી. તમામ બોલિવુડના કલાકારો ઉજવણીમાં જોડાયા હતા. જેમાં શાહરૂખખાન, સલમાન ખાન અને અમિતાભ બચ્ચનનો પણ સમાવેશ થાય છે. નવા વર્ષનો આ જશ્ન હવે ત્રણ ચાર દિવસ સુધી જારી રહે તેમ માનવામાં આવે છે નવા વર્ષના સ્વાગતમાં ઓસ્ટ્રેલિયાના સિડનીમાં ૧૫ મિનિટ સુધી સેકડો મિલિયન ડોલરના ખર્ચેશાનદાર આતશબાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. સિડનીમાં હાર્બર પુલ પર લાખો લોકો જમા થયા હતા. હાર્બર પુલ પર લાખો લોકોએ ટાઈમ ટુ ડ્રીમ પર બનેલા આતશબાજીની મજા માણી હતી. બીજી બાજુ જાપાનના પાટનગર ટોક્યોમાં હજારો લોકોએ નવા વર્ષની શુભેચ્છા સાથે ફુગ્ગાઓ છોડ્યા હતા. જે ફુગ્ગાઓ છોડવામાં આવ્યા હતા તેમાં નવા વર્ષની શુભેચ્છા લખવામાં આવી હતી. હોંગકોંગમાં મોટી સંખ્યામાં લોકો ઉજવણીમાં ડુબી ગયા હતા. ગગનચુંબી ઈમારત પર રોશની કરવામાં આવી હતી. તાઈવાનમાં વિશ્વની બીજા નંબરની ઈમારત તાઈપેઈનો નજારો જોવા જેવો હતો. દુનિયામાં સૌથી પહેલા નવા વર્ષનો સ્વાગત સામોઆ અને તોકલાઉમાં કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય તારીખ રેખાની દ્રષ્ટિએ સૌથી પહેલા અહીં નવા વર્ષની શરૂઆત થાય છે. બરોબરા રાતના ૧૨ના ટકોરે અગલા દિવસની શરૂઆત થઈ ગઈ હતી. વિશ્વભરના નેતાઓએ તેમના શાંતિ સંદેશાઓ આપવાની શરૂઆત કરી દીધી હતી. વર્ષ ૨૦૧૪ વેપાર ઉદ્યોગની દ્રષ્ટિએ સાનુકુળ રહ્યું હોવા છતાં ઉજવણી માટે લોકો આને ભૂલી ગયા હતા અને ખુશીથી નવા વર્ષના સ્વાગત માટે બહાર નિકળ્યા હતા.તમામ લોકોએ જુદી જુદી રીતે ઉજવણી કરી હતી.

બિન સબ્સિડીવાળા ગેસ સિલિન્ડર કિંમતમાં ૪૩.૫૦નો ઘટાડો થયો

નવી દિલ્હી,તા. ૧

બિન સબ્સિડીવાળા રાંધણ ગેસ (એલપીજી)ની કિંમતમાં આજે આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ઘટાડો થતાં સિલિન્ડર દીઠ ૪૩.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આજે ઘટાડો કરવામાં આવ્યા બાદ બિન સબ્સિડીવાળા એલપીજી ગેસ સિલિન્ડરની કિંમત ૭૫૨ રૂપિયાના બદલે ઘટીને દિલ્હીમાં ૭૦૮.૫૦ રૂપિયા થશે. ઓઈલ કંપનીઓએ આજે આ મુજબની જાહેરાત કરી હતી. બિન સબ્સિડીવાળા અથવા તો માર્કેટ કિંમતે ખરીદવામાં આવતા એલપીજીની કિંમતમાં સતત પાંચમી વખત ઘટાડો કરાયો છે. સબ્સિડીવાળા ૧૨ ગેસ સિલિન્ડરોના ક્વોટાની પૂર્ણાહુતિ બાદ જે ગેસ સિલિન્ડરની ખરીદી ગ્રાહકો કરે છે તેને બિન સબ્સિડીવાળા ગેસ સિલિન્ડર તરીકે ગણવામાં આવે છે. સબ્સિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમત ૪૧૭ રૂપિયા છે. બિન સબ્સિડીવાળા એલપીજીની કિંમતમાં છેલ્લા પહેલી ડિસેમ્બરના દિવસે ૧૧૩ રૂપિયાનો ઘટાડો કરાયો હતો. બિન સબ્સિડીવાળા એલપીજીના રેટમાં પ્રતિ સિલિન્ડર ૨૧૪ રૂપિયાનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. આની સાથે જ તેની કિંમત ત્રણ વર્ષની નીચી સપાટીએ પહોંચી છે. સબ્સિડીવાળા એલપીજીની કિંમતો બદલાઈ નથી. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતો મે ૨૦૦૯ બાદથી સૌથી નીચી સપાટીએ પહોંચી છે. બ્રેન્ટ ક્રૂડની કિંમતમાં ૨૦૧૪માં ૪૮ ટકાનો ઘટાડો થઈ ચુક્યો છે.બ્રેન્ટ ક્રૂડની કિંમત ઘટીને ૫૭.૩૩ ડોલર થઈ છે. બીજીબાજુ એટીએફની કિંમતમાં પણ ૧૨.૫ ટકા સુધીનો જંગી ઘટાડો કરવામાં આવ્યો છે. આમાં પણ ઓગસ્ટ બાદથી છઠ્ઠી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. જોકે વિમાની ભાડામાં ઘટાડો કરવા અંગે એરલાઈન્સોએ કોઈ વાત કરી નથી. એટીએફની કિંમત દિલ્હીમાં પ્રતિ કિલોલિટર ૭૫૨૦.૫૨ રૂપિયા ઘટાડવામાં આવી છે. આની સાથે જ એટીએફની કિંમત પ્રતિ કિલો લિટર ૫૨૪૨૨.૯૨ રૂપિયા થઈ છે. એટીએફની કિંમતને એપ્રિલ ૨૦૦૨માં અંકુશ મુક્ત કરવામાં આવ્યાબાદથી આ સૌથી મોટો ઘટાડો કરાયો છે. તાત્કાલિક ધોરણે ભાવ અમલી કરાયો છે. કિંમતમાં છેલ્લે પહેલી ડિસેમ્બરના દિવસે ૪.૧ ટકા સુધીનો ઘટાડો કરાયો હતો. બ્રેન્ટ ક્રૂડની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. એટીએફની કિંમત હવે ફેબ્રુઆરી ૨૦૧૧ બાદથી સૌથી નીચી સપાટીએ છે. જેટ ફ્યુઅલની કિંમત ઓલટાઈમ હાઈ સપાટીએ જાન્યુઆરીમાં પહોંચી હતી. ત્યારબાદથી તેમાં ઘટાડો થયો છે. મુંબઈમાં જેટ ફ્યુઅલની કિંમત ગુરુવારથી ૫૩૮૬૧.૫૮ રૂપિયા થઈ જશે.જેટ ફ્યુઅલ એરલાઈન્સના ઓપરેટીંગ ખર્ચ પૈકી ૪૦ ટકાની આસપાસ છે. આનાથી રોકડ કટોકટીનો સામનો કરી રહેલી એરલાઈન્સો પર નાણાકીય બોજ ઘટશે. જોકે યાત્રી ભાડામાં ઘટાડો કરવાની કોઈ વાત એરલાઈન્સ તરફથી કરવામાં આવી નથી. ઈન્ડિયન એર કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ, હિંદુસ્તાન પેટ્રોલિયમ દર મહિને પહેલી તારીખે જેટ ફ્યુઅલની કિંમતમાં સુધારો કરે છે.

૬૦થી વધારે વેબસાઈટ અને લિંક્સ બ્લોક કરવાનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૧

ભારતે સિરિયા અને ઈરાકમાં પ્રભુત્વ ધરાવનાર ત્રાસવાદી સંગઠન આઈએસ સાથે જોડાયેલી સામગ્રીને ફેલાવવા અને તેને રજૂ કરવાના મામલે વ્યાપક ફરિયાદ મળ્યા બાદ હવે ૬૦થી વધારે વેબસાઈટ અને લિંક્સ બ્લોક કરવાનો નિર્ણય કર્યો છે. ગિટહબ અને સોર્સફોર્જ જેવા લોકપ્રિય ઓનલાઈન ટુલ્સ સહિત ૬૦થી વધારે વેબસાઈટ અને લિંક્સ બ્લોક કરી દેવાતા ભારે ખળભળાટ મચી ગયો છે. આના કારણે ઈન્ટરનેટ યુઝર્સ ભારે નારાજ છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે આ વેબસાઈટને ત્રાસવાદી સંગઠન આઈએસના સમર્થન વાળી બાબતો રજૂ કરવા અને સરકારી તપાસમાં સહકાર નહી મળવાના કારણે બ્લોક કરવાનો નિર્ણય કરાયો છે. ભાજપના આઈટી સેલના હેડ અરવિન્દ ગુપ્તાએ આને લઈને ટ્વીટ કરતા કહ્યું છે કે આ વેબસાઈટ એન્ટી ટેરરિઝ્મ સ્કવોડની સલાહના આધાર પર બ્લોક કરવામાં આવી છે. આ વેબસાઈટ ભારત વિરોધી પ્રવૃતિ ચલાવે છે. સુચના આપવામાં આવ્યા બાદ જે વેબસાઈટ દ્વારા વાંધાજનક સામગ્રી દુર કરવામાં આવી છે જે સાઈટ ફરી શરૂ કરવામાં આવી છે. જ્યારે જે સાઈટ તપાસમાં સહકાર આપી રહી નથી તે સાઈટ બ્લોક કરી દેવામાં આવી છે.